| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |

તા.૨૫/૦૬/૨૦૨૦ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૧૦૨૮/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૪/૦૬/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૮૮૯૪ | ૫૯ | ૮૯૫૩ | ૧૪૯૫૯ | ૫૪ | ૧૫૦૧૩ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૫૩ | ૦ | ૪૨૫૩ | ૫૭૬૯ | ૦ | ૫૭૬૯ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૩૮ | ૦ | ૩૮ | ૨૦૦ | ૦ | ૨૦૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૯૩૨૭ | ૧૩૯ | ૯૪૬૬ | ૧૦૨૫૪ | ૧૪૪ | ૧૦૩૯૮ |
| કુલ | | ૨૨૫૧૨ | ૧૯૮ | ૨૨૭૧૦ | ૩૧૧૮૨ | ૧૯૮ | ૩૧૩૮૦ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૦૧ | ૭૫,૦૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૮૦૩ | ૩,૬૦,૬૦૦/- |

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ઓઢવ પોલીસ સ્ટેશન :-

### જાહેરમા પાર્ક કરેલ મો.સા. ના ડુપ્લીકટ ચાવીથી લોક ખોલી ચોરી કરતા ઈસમને મુદ્દામાલ સાથે પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશનની પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી આશિષ ભાટીયા સાહેબ નાઓની સુચનાથી સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ નિપુણા તોરવણે સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ વાસમસેટ્ટી રવિ તેજા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી આઈ ડીવીઝન એન. એલ. દેસાઈ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. જાડેજા ઓઢવ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓ મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડના માણસો ગઈ કાલ તા-૨૩/૦૬/૨૦૨૦ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા અને કલાક-૨૩/૦૦ વાગે ઓઢવ રીંગરોડ પામ હોટલ પાસે આવતા મ.સ.ઈ. પરથીભાઈ પુરાભાઈ બ.ન.-૧૩૫૨૭ તથા અ.લો.ર. પરિમલ મોહનભાઈ બ.નં-૧૨૯૬૨ નાઓને મળેલ બાતમી હકિકત આધારે એક હોન્ડા સી.બી. સાઈન મોટર સાઈકલ સી.આર.પી.સી. કલમ-૧૦૨ મુજબ કબ્જે કરી તથા મો. સા. ચાલકને કલાક-૨૪/૦૦ વાગે સી.આર.પી.સી. કલમ-૪૧(૧),(ડી) મુજબ પકડી અટક કરી મુદ્દામાલ કબ્જે કરી કાયદેસર કાર્યવાહી કરી નીકોલ પો. સ્ટે. મા રજીસ્ટર થયેલ વાહન ચોરીનો અન ડિટેક્ટ મિલ્કત સબંધી ગુનો શોધી કાઢી નીકોલ પો. સ્ટે. આરોપી તથા મુદ્દામાલ સોપવા તજવીજ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે. તા-૨૪/૦૬/૨૦૨૦

**પકડાયેલ આરોપીનુ નામ સરનામુ-** જશરામ સ/ઓ શ્યામવીરસિંગ અત્તરસિંગ તોમર ઉ.વ.-૧૯ રહેવાસી-નવી ચાલી ચમનપુરા અસારવા અમદાવાદ શહેર

**કબ્જે કરેલ મુદ્દામાલ-** કાળા કલરનુ લાલ પટ્ટાવાળુ હોન્ડા સી.બી. સાઈન મો.સા. નં.-GJ-27-BB-5507 જેનો એન્જીન નં.- JC65E70466911 નો તથા ચેચીસ નં.- ME4JC651BG7303204 જેવો વંચાય છે કી. રૂ.-૨૫,૦૦૦/-

**કામગીરી કરનાર પોલીસ કર્મચારી-** ૧-પો. સબ ઈન્સ. આર. એ. ઝાલા તથા ૨-મ.સ.ઈ. પરથીભાઈ પુરાભાઈ બ.ન.-૧૩૫૨૭ તથા ૩-અ.હે.કો. ચંન્દ્રસિંહ લાખુભા બ.નં-૫૮૮૯ તથા ૪-અ.લો.ર. પરિમલ મોહનભાઈ બ.નં-૧૨૯૬૨ તથા ૫-અ.લો.ર. હરપાલસિંહ રઘુવીરસિંહ બ.નં-૧૧૭૦૦ તથા ૬-અ.લો.ર. જયપાલસિંહ રણજીતસિંહ બ.નં.-૧૨૩૦૨

**નીકોલ પો. સ્ટે. ગુ.ર.નં-** એ/૧૧૧૯૧૦૧૫૨૦૦૭૩૦ ઈ.પી.કો. કલમ-૩૭૯ મુજબ

# નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

## દરીયાપુર પોલીસ સ્ટેશન :-

## પ્રોહીબીશનનાં ગુનામાં નાસતો ફરતો હોય તેને અટક કરી ઉપરોક્ત બન્ને પોલીસ સ્ટેશન ખાતે સદરી આરોપી બાબતે જાણ કરી સારી કામગીરી કરેલ છે

મે.સંયુક્ત પોલીસ કમિ.શ્રી સેક્ટર-૨ અમદાવાદ શહેર તથા ના.પો.કમિ.શ્રી ઝોન-૦૪ અમદાવાદ શહેર તથા મ.પો.કમિ.શ્રી “એફ” ડીવીઝન અમદાવાદ શહેર નાઓની સુચના તેમજ સીધા સુપરવિઝન હેઠળ તથા સીનીયર પો.ઈન્સ.શ્રી કે.ડી.ખાંભલા નાઓની મદદથી અમો જે.બી.ચાવડા પો.ઈન્સ.દરીયાપુર પોલીસ સ્ટેશન તથા સાથેની ટીમનાં અધિકારી/માણસો પો.સ.ઈ.શ્રી એસ.કે.ચારેલ તથા હે.કો.વિરમભાઈ છગનભાઈ તથા પો.કો.ભરતભાઈ ગાંડુભાઈ નાઓની ટીમવર્ક થી એરપોર્ટ પોલીસ સ્ટેશન પાર્ટ “એ” ૧૧૧૯૧૦૪૬૨૦૦૧૧૫/૨૦૨૦ ઈપીકો કલમ – ૩૯૭.૪૫૨.૪૨૭.૫૦૬(૨). ૨૯૪(ખ). ૧૨૦(બી). તથા જીપીએક્ટ – ૧૩૫(૧) મુજબ તથા એરપોર્ટ પોલીસ સ્ટેશન પાર્ટ “એ” ૧૧૧૯૧૦૪૬૨૦૦૧૧૬/૨૦૨૦ ઈપીકો કલમ – ૩૦૭.૩૬૪.૩૯૭.૪૫૨.૪૨૭.૫૦૬(૨).૨૯૪(ખ).૧૨૦(બી).૧૧૪ તથા જીપીએક્ટ – ૧૩૫(૧) મુજબનાં કામનો આરોપી નામે પ્રદિપ ઉર્ફે જાડીયો ઠાકોરભાઈ જાતે ઠક્કર ઉ.વ.૪૨ રહે. મ.નં.બી/૪૨ પરીવાર સોસાયટી પરીવાર ચાર રસ્તા પાસે વાઘોડીયા રોડ વડોદરા શહેર નાનો ઉપરોક્ત ગુનાનાં કામે નાસતો ફરતો હોય તેને અમો તથા સાથેની ટીમે પકડી લઈ તા.૨૩/૦૬/૨૦૨૦ નાં કલાક ૧૩/૧૫ વાગે પકડી અટક કરી તપાસ દરમ્યાન સદર આરોપી વાસદ પો.સ્ટે.પ્રોહી.ગુરનં.૧૦/૨૦૨૦ પ્રોહી.કલમ-૬૫-ઈ,૮૧.૮૩ ૯૮(૨).૯૯ તથા ૧૧૬(બી) મુજબનાં કામે તથા પાણીગેટ પો.સ્ટે. વડોદરા શહેર પાર્ટ સી-૯૭૦/૧૯ પ્રોહી.કલમ-૬૫ , ૯૮(૨) .૧૦૮ પ્રોહીબીશનનાં ગુનામાં નાસતો ફરતો હોય તેને અટક કરી ઉપરોક્ત બન્ને પોલીસ સ્ટેશન ખાતે સદરી આરોપી બાબતે જાણ કરી સારી કામગીરી કરેલ છે.જે સા.મે.ને વિદીત થાય.



# <u>“શી ટીમ” ની કામગીરી</u>

## નરોડા પોલીસ સ્ટેશન :-

## નરોડા પોલીસ “શી ટીમ” દ્વારા માતાને તેના બાળકનો કબ્જો અપાવતી નરોડા પોલીસ

આજ રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે અધીક પોલીસ કમીશ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી “જી” ડીવીઝન નાઓની આગેવાની હેઠળ “શી ટીમ “ દ્વારા આજરોજ તા-૨૪/૦૬/૨૦ ના રોજ સી ટીમ અન્વયે નરોડા વિસ્તાર મા પેટ્રોલીંગ મા હતા દરમ્યાન સિનિયર પોલિશ ઇન્સ.શ્રી નાઓની સુચનાથી ઝોન-૪ કચેરી ખાતે જતા ઝોન-૪ ડી.સી.પી સાહેબ શ્રી નાઓએ અમોને સુચના આપતા એક બેન નામે હેમાલી ડો/ઓ રાજેશકુમાર પંડ્યા ઉ.વ ૩૪ ધંધો-એડવોકેટ રહે-એ/૫૦૬,સ્થાપત્ય એલીગંસ નરોડા અમદાવાદ શહેર નાઓને ૧ વર્ષ પહેલા તેઓને તેઓના પતિ નામે અમીત આર્ય રહે-AA/1 સીદ્ધી વિનાયક પાર્ક,દક્ષીણી સોસાયટી મણીનગર ખાતે નાઓ સાથે છુટા છેડા થયેલ હોય અને તેઓને સંતાનમા એક પુત્ર નામે ધિશાન્ત ઉ.વ.-૭ ના હોય જે તેઓના પતિ લઈ ગયેલ હોય જેથી જે પુત્ર ને લેવા સારૂ જવાનુ હોય અમો મણીનગર ખાતે જઈ તઓના પુત્ર ને લઈ આવી હેમાલીબેન નાઓનુ નિવેદન મેળવી તેમના પુત્રને તેમને સોપેલ છે .તા-૨૪/૦૬/૨૦૨૦



## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૨૯/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૨૮૨ લીટર દેશી દારૂ, ૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૧૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨ સ્કૂટર, ૧ મોટર સાયકલ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૪,૧૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૩૦/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૦૩૧/૨૦૨૦

**સોલા હાઈકોર્ટઃ** જીબ્રીલ સુનીલકુમર રાવલ (ઉ.વ.૩૨) (રહે. એસ.આર.હાઉસ થલતેજ હેબતપુર રોડ સત્યમ બંગ્લોઝ પાછળ થલતેજ) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૦૬/૨૦૨૦ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે વેબસાઇટ "GOOGLE*PROXIMA BE/" દ્વારા અજાણી વ્યક્તિએ જીબ્રીલ રાવલના એલીસબ્રીજ ખાતેના બેન્કના ખાતામાંથી રૂપિયા ૭૯૦૦/- ટ્રાન્જેક્શન કરી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.મકવાણા ચલાવે છે.

**માધવપુરાઃ** મોહીત કાંતીલાલ મહેતા (રહે. મલ્લીનાથ સોસયટી તેરાપંથ ભવન પાસે શાહીબાગ) એ તા.૨૪/૦૬/૨૦૨૦ ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૬/૨૦૨૦ સાજના ૭/૦૦ થી તા.૧૯/૦૬/૨૦૨૦ સુધીના સમયગાળા શાયોના એસ્ટેટ મહેશ્વરી મીલ ખાતે આરોપી મોબાઇલ નંબર ૯૮૨૪૦૯૫૨૫૪ ના ધારક કોમલ વોરા તથા મોબાઈલ નંબર ૮૨૦૦૯૩૭૯૩૨, ૯૭૧૫૫૧૧૧૧૧, ૯૦૬૭૭૭૯૧૭૪ ના ધારકે મોહીત મહેતાએ આપેલ ઓર્ડર મુજબ રબરના ગ્લોઝ ૫૦૦૦ બોક્ષ કિમત રૂપિયા ૨૪,૩૬,૦૦૦/- નહી આપી તેમજ ઓર્ડર મુજબ ચુકવેલ રકમ પણ પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એન.દેસાઇ ચલાવે છે.

**ટ્રેઈનની અડફેટે મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૦૩૨/૨૦૨૦**

**ખોખરાઃ** પ્રગ્નેશ રમેશભાઇ યમુલ (ઉ.વ.૩૪) (રહે. આનંદનગર અશ્ર્વમેઘ સ્કુલ પાસે ભગવતી રોડ હાટકેશ્વર અમરાઇવાડી) તા.૨૩/૦૬/૨૦૨૦ રાતના ૧૦/૪૫ વાગ્યાના સુમારે મણીનગર રેલવે સ્ટેશન થી વટવા તરફ જતા અપલાઇન રેલ્વે ટ્રેક ઉપર ટ્રેઈનની અડફેટે આવતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જે.બોડાત ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૦૩૩/૨૦૨૦**

**સાબરમતીઃ** હરેશભાઇ બાબરભાઇ દંતાણી (ઉ.વ.૩૭) (રહે. છારાનગર સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૬/૨૦૨૦ કલાક ૧૨/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે પોતાના શરીર પર ડીઝલ છાંટીને સળગી જતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતના ૯/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રમણજી રામાજી ચલાવે છે.

**નરોડાઃ** હાર્દીકભાઇ નિલેષભાઇ ફળદુ (ઉ.વ.૨૫) (રહે. સર્વોપરી ફ્લોરા-૧ સદગુરૂ સર્કલની બાજુમાં નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૬/૨૦૨૦ કલાક ૧૧/૧૫ થી ૧૨/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અજીતસિંહ કલ્યાણસિંહ ચલાવે છે.

**રામોલઃ** જનકભાઇ ઇશ્વરભાઇ પટેલ (ઉ.વ.૪૫) (રહે. ધનંજય પાર્ક સોસાયટી ગોપી ડેરી સામે વસ્ત્રાલ રોડ) એ આથિક સંકળામણના કારણે તા.૨૩/૦૬/૨૦૨૦ રાતના ૨૪/૦૦ થી તા.૨૪/૦૬/૨૦૨૦ કલાક ૩/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દોરડું બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયસિંહ પર્વતસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી